# પ્રકરણ :- ૨

## નવલકથા :  સ્વરૂપ અને વિકાસ

# પ્રકરણ :- ૨

## નવલકથા : સ્વરૂપ અને વિકાસ

નવલકથાએ અર્વાચીન ગુજરાતી સાહિત્યનો સૌથી લોકપ્રિય સાહિત્યપ્રકાર છે અને આધુનિક ગદ્યસ્વરૂપોમાં વધારે પ્રચલિત સ્વરૂપ પણ એ જ છે. સંસ્કૃત સાહિત્યમાં અને મધ્યકાળનાં ગુજરાતી સાહિત્યમાં વાર્તાઓ તો રચાતી આવી છે જ. પરંતુ આજની નવલકથાનું સ્વરૂપ સંપૂર્ણપણે અર્વાચીન છે. આખા જગતમાં નવલકથાએ જે વ્યાપ વધાર્યો છે એ જોતા એટલું તો ચોક્કસ કહી શકાય કે નવલકથાએ વાચકો-ભાવકોને, સર્જકોને અને વિવેચનકારોને તો ખરા જ પણ, જેને આ સાહિત્ય ક્ષેત્ર સાથે સંબંધ નથી એવા વ્યક્તિઓ-અભ્યાસુઓને પણ પ્રત્યક્ષ કે પરોક્ષ માહિતી, જ્ઞાનની વિગતો, વિકાસ કરવાની તકો, મનોરંજન, રસ વગેરે પૂરા પાડ્યાં છે એ વાત આપણી નજર સામે છે.

આજે તો ઘણાખરા લોકો 'નવલકથા' નામથી-સંજ્ઞાથી પરિચિત છે. એક વાત અહીં નોંધવા જેવી એ છે કે, મુદ્રણયંત્રોની શોધ પછી નવલકથા સાહિત્ય વિકસ્યું એ ખરૂં. પણ તેના મૂળ તો જૂની વાર્તાઓમાં-જૂની કથામાં પડેલા છે. એવું કહેવાય છે કે, નવલકથા સાહિત્ય સ્વરૂપની શરૂઆત ઈટાલીમાં થઈ છે. ઈ.સ. તેરમી સદીમાં ત્યાં 'Ill Novellino' અને 'Cento Novelle Antiche' એ બે કથાસંગ્રહો રચાયાં. આ પછી આ કથાસ્વરૂપ પ્રચલિત બન્યું અને તેને માટે 'Novel' શબ્દ પ્રચલિત બન્યો.

કોઈપણ શબ્દનો અર્થ નક્કી કરવામાં તે શબ્દના મૂળ કે ઈતિહાસની વિચારણા બહુ ઓછી મદદરૂપ થતી હોય છે. દા.ત. 'ટ્રેજેડી'નો અર્થ નક્કી કરવા માટે આપણે 'ટ્રેજેડી' શબ્દનું મૂળ ગ્રીક 'ટ્રેગોસ'માં શોધી કાઢીએ તો 'ટ્રેજેડી' શબ્દનો અર્થ નિશ્ચિત કરવામાં આપણને તે ભાગ્યે જ મદદરૂપ થશે પણ, 'નૉવેલ' શબ્દની વાત જરા જુદી છે. નામ ઉપરાંત અંગ્રેજીમાં આ શબ્દ 'કશુંક નવું'ના અર્થમાં વિશેષણ તરીકે પણ વપરાય છે. આપણને ગુજરાતી સાહિત્ય અને ભાષા સ્વરૂપને ધ્યાનમાં લઈને 'Novel'ના પર્યાયરૂપે 'નવલકથા' શબ્દ વિશેષ યોગ્ય જણાય છે અથવા તો જણાયો છે અને આજ સુધી આપણે એ જ રીતે આપણી સમજને

કેળવી છે. અંગ્રેજીમાં Novel એટલે 'અપૂર્વ' અથવા 'કલ્પિતકથા' નવલકથામાં લેખક કંઈક અપૂર્વ રજૂ કરવા ઈચ્છે છે પછી, ભલે તે બની ગયું હોય. આપણે કથાથી પરિચિત હોઈએ પણ એની એ જ કથા દ્વારા તે કંઈક નવું સમજાવવા, લોકો સમક્ષ રજૂ કરવા ઈચ્છે છે. આથી પણ 'નવલકથા' શબ્દ વિશેષ યોગ્ય જણાય છે.

એક રીતે જોઈએ તો 'નવલકથા' જેનો પર્યાયવાચી છે તે 'Novel' શબ્દની ઉત્પત્તિ લેટિન 'Novas' પરથી થઈ હોવાનું મનાય છે. આપણે એ સ્વીકાર્યું છે પરંતુ એના અર્થસંકેતો અને કેવી રીતે 'નૉવેલ' શબ્દ બન્યો એનાથી આપણે પુરા વાકેફ નથી. (ભાષા વિજ્ઞાનનાં સંદર્ભે ધ્વનિ પરિવર્તન અને સ્વર વ્યંજનનાં ભાર, સૂર, લોપ, સંવૃત, વિવૃત, સ્વરૂપે તપાસ થવી જોઈએ.) ભલે આજે એ શબ્દ સર્વસ્વીકૃત થઈ ગયો હોય. તેમ છતાં એ મૂળ શબ્દનાં જે અર્થ સંકેતો હોય તે, આપણે તો અહીં નવલકથા સ્વરૂપને સમજવું છે, જાણવું છે. અત્યાર સુધીના દુનિયાભરનાં વિદ્વાનોએ આ સ્વરૂપની જે ચર્ચા-વિચારણા અને છણાવટ કરી છે એના પરથી આપણને એટલું તો પ્રતિત થાય જ છે કે, નવલકથા એક સંકુલ સાહિત્ય સ્વરૂપ છે. એની જટિલ વિભાવના જોતા એ વિશે સ્વરૂપગત્ ચર્ચાઓ મુશ્કેલ બની જાય છે. આજે તો સવાલ એ ઉભો છે કે, આ સ્વરૂપને આપણે આપણા કયા માપદંડોથી માપીશું? કારણ કે માપદંડો ટૂંકા પડે છે અથવા હાથ લાગ્યા નથી. (નવલકથાની અત્યાર સુધીની વિકાસયાત્રાને, એના બદલાયેલા રૂપો જોઈને, પ્રકારો, વિષયો જોઈને આવુ વિધાન કરવાનું મન થાય ) નવલકથા વિશેના કેટલાંક પ્રશ્નો આજે પણ વિવેચકોને મુંઝવે છે, સતાવે છે. કેમ કે આગળ જોયું તેમ તેમાં અપૂર્વ એટલે કે સર્જનાત્મકતાના ('નવલ' શબ્દ નવલકથા પરથી ) માપદંડથી તેને માપવી કે પછી કથા એટલે વાર્તાતત્વનાં માપદંડથી માપવી ? સાહિત્યનાં વિવેચન વિભાગે એક સરળતા એ કરી આપી કે, નવલકથાને ઉપરોક્ત બન્ને માપદંડોથી ચકાસીને સંશોધકો-વિવેચકોએ કશુંક સત્વશીલ-બહાર લાવવાની મથામણ કરી છે એટલું આપણું સદ્ભાગ્ય છે. એટલે એમ કહી શકાય કે, પરંપરાગત સાહિત્ય સ્વરૂપોની સરખામણીમાં નવલકથાનું સ્વરૂપ નવું છે. પણ તોય એક પ્રશ્ન એ પણ રહ્યો છે કે, કેટલાક લોકો (બહુ જૂજ) નવલકથાકારને નિમ્નત્તમ કક્ષાનો સાહિત્યકાર માનવાનો આગ્રહ સેવે છે, કારણ કે તેમને મતે નવલકથાકારનું ધ્યેય અવ્યકતાત્મક ઉત્કર્ષ સાધવાનું નહી તેટલું મનોરંજન કરવાનું હોય છે. તે જગતને સવિશેષ સમૃધ્ધ નથી કરતો પણ તે જેવું છે તેવું જ ચિત્રણ કરે છે અને તેમાંય

આ જગતના ગંદવાડ, હલકાઈ, જાતિયતા વગેરે ગુણ અધમ લક્ષણોને જ તે પોતાનાં ચિત્રણમાં પ્રાધાન્ય આપે છે.

હોમર કે સોફોલિકઝની જેમ નવલકથાકાર ઉચ્ચ આસને બિરાજતો નથી, પણ સામાન્ય ઘરો, શેરીઓ, પીઠાંઓ, શાળાઓ, જેલો વગેરેમાનાં સામાન્ય સ્ત્રી-પુરુષો સાથે હળીમળી જાય છે. તે ગમે તેવી ભાષા વાપરતા કે ગમે તેવી હીન પરિસ્થિતિનું આલેખન કરતા નથી અચકાતો કે નથી ખચકાતો. વળી નવલકથાકાર પોતે આનંદ આપવાનો પ્રયત્ન કરી રહ્યો છે, એવો ખુલ્લો એકરાર કરે છે. નવલકથા માનવજીવનનાં કોઈ ઉન્નત મૂલ્યો સાથે કામ પાર પાડતી નથી, પણ રોજીંદા જીવનમાં પરંપરાગત મૂલ્યો સાથે કામ પાર પાડતી હોય છે. આવા વિધાનો આજની નવલકથા સાથે સરખાવતાં- આજના કથાવાર્તાકાર સાથે સરખાવતા વાહિયાત લાગે છે. આજે નવલકથાએ એવો વિકાસ સાધ્યો છે કે, તે સંપૂર્ણ ગુજરાતી ભાષાનું જ આવિષ્કરણ હોય એવું લાગે છે.

### **૨.૧ નવલકથા સંજ્ઞા : અર્થ :-**

આપણે ત્યાં પ્રથમ નવલકથાનું સર્જન અર્વાચીન યુગમાં અંગ્રેજી સાહિત્યના સંપર્કથી થયું હતું. અર્વાચીન યુગથી આજ સુધી નવલકથાનું સ્વરૂપ વિકાસ સાધતુ રહ્યું છે. ગુજરાતી ભાષામાં આપણે જેને 'નવલકથા' કહીએ છીએ તેને હિંદીમાં અને બંગાળીમાં 'ઉપન્યાસ' તરીકે ઓળખવામાં આવે છે અને મરાઠીમાં એ 'કાદમ્બરી' તરીકે ઓળખાય છે. અંગ્રેજીમાં તો 'નૉવેલ' શબ્દ વિદ્યમાન છે જ. આમ જોવા જઈએ તો, 'નવલકથા' શબ્દનો મૂળ અર્થ 'વાર્તા' કે 'સમાચારનો અંશ' એવો રહ્યો છે, પણ આજે જે રીતે નવલકથા વિવિધ વિષયો સાથે સાંપડે છે. ત્યારે તેને માત્ર વાર્તા કે સમાચાર ન કહેતાં જીવનનાં એક વિશાળ ફલકને ચરિતાર્થ કરવાના સ્વરૂપ તરીકે સમજીએ. સામાન્ય રીતે આશરે બસો-અઢીસો પૃષ્ઠની સંખ્યાવાળી રચનાને એકંદરે 'નવલકથા' તરીકે ઓળખાવતું વલણ પણ વધતું રહ્યું છે. 'નૉવેલ' કે 'નવલકથા' શબ્દનો અર્થ વિશેષણના રૂપમાં 'નવું નવલ' થાય છે. ઍથની બર્ગેસ "અભિનવ", "હમણાં હમણાં આવિષ્કૃત" એવા આ શબ્દનો અર્થ ઘટાવ્યો છે. સાથે, ગુજરાતી શબ્દકોશમાં 'નવલકથા' શબ્દનો અર્થ આ પ્રમાણે આપ્યો છે. "ગદ્યમાં લખેલી

કલ્પિત વાર્તા'' અથવા "નવલકથાઃસ્ત્રી અમુક લંબાઈની વાસ્તવજીવનની કથા નિરૂપતી કલ્પક ગદ્ય રચના.''[૧] તો એક અર્થ આવો પણ જોવા મળે છે કે "આપણે 'નવલ' સાથે 'કથા' શબ્દ જોડીને ગૂંચ ઉભી કરીએ છીએ. આખ્યાન જે અર્થમાં કથા છે તે અર્થમાં નવલકથા કથા નથી.''[૨] તો ગુજરાતીમાં નંદશંકરની નવલકથા 'કરણઘેલો' અને 'સરસ્વતી ભાગ-૧'નું વિવેચન કરતાં મણીલાલ દ્વિવેદીએ 'સંસાર ચિત્ર' જેવા શબ્દો નવલકથા માટે પ્રયોજયા છે. ઉપરોક્ત બાબતોથી એક વાત નિશ્ચિત થાય છે કે, નવલકથા સાહિત્યિકતા અને અસાહિત્યિકતા, કવિતા અને ઈતિહાસ વચ્ચે ઝોલા ખાતું સાહિત્યસ્વરૂપ છે. બીજી વાત એ પણ જાણવા મળે છે કે, નવલકથા અનેક અંગોવાળી સાકાર, સજીવ સૃષ્ટિ છે.નવલકથાકાર વિવિધ અંગોનો સુભગ સમન્વય કરીને એક સુંદર આકાર રચે છે. એટલે એમ પણ કહી શકાય કે, નવલકથા એ વાસ્તવિક માનવજીવનની કલ્પના રસિત પ્રતિતીકર કથા છે, એમાં જીવનનાં સમ-વિષમ, સદ-અસદ્, તેજ-તિમિર વગેરેનું નિરૂપણ થયું હોય છે.

## ૨.૨ નવલકથાની વ્યાખ્યા :-

નવલકથાનું સ્વરૂપ આદિકાળથી જ શિથિલ રહેલું છે. તેથી તેમાં સતત વિકાસની ગુંજાઈશ રહેલી છે. તે સ્વરૂપને કોઈ ચોક્કસ ચુસ્ત વ્યાખ્યામાં બાંધી શકાય તેમ નથી. તેથી તેના વિકાસમાં અવનવા પ્રયોગો પણ થતાં રહેલા છે. ગુજરાતી સાહિત્યમાં પણ આજ રીતે નવલકથાનું સ્વરૂપ જુદાં જુદાં દાયકાઓમાં અવનવા પ્રયોગો અને સિદ્ધિઓ લઈને વિકસતું રહ્યું છે, આથી જ આ સ્વરૂપનું નિશ્ચિત ધોરણ આપી શકાતું નથી. એવું પણ બનવા જોગ છે કે, સક્ષમ લેખક દ્વારા જ નવલકથાનું સ્વરૂપ ઘડાતું રહે અને એ વિકાસ સાધતું રહે. ઘણીવાર એવું પણ બનવા પામ્યું છે કે, અત્યંત શક્તિશાળી અને વૈયક્તિક નવલકથાકારની નવલકથા સામાન્ય નવલકથાના સ્વરૂપમાં બંધ બેસતી નથી. આપણે ઉ.દા. તરીકે જોઈએ તો- નવલકથા સામાન્ય રીતે ગદ્યમાં રચાય છે, એ ગદ્ય જ એનું સૌથી વધુ અનુકૂળ માધ્યમ બની રહે છે. પરંતુ સાહિત્યકાર વિક્રમ શેઠે 'ગોલ્ડન ગેટ' નામની નવલકથા 'સોનેટમાળા'માં સર્જીને એ સિધ્ધ કર્યું છે કે નવલકથા પદ્યમાં પણ સારી રીતે સર્જી શકાય છે. તેનું દષ્ટાંત પૂરું પાડયું છે. આમ, નવલકથામાં ઘણી શકયતાઓ પડેલી છે. તેની શક્તિને પારખનારા સર્જકોએ એની

પાસેથી ધાર્યું કામ કઢાવ્યું છે. "આધુનિક જમાનામાં મહાકાવ્યનું સ્થાન નવલકથાએ લીધું છે. એ મત અને માન્યતા પણ નવલકથાના સ્વરૂપ અંગે પ્રચલિત છે એટલે એમ પણ કહી શકાય કે, "નવલકથા આખરે તો જીવનવાદી બનીને કલાવાદ પ્રગટ કરતું આ કથા સ્વરૂપ છે. તો બીજી તરફ કલાવાદી થઈને જીવનવાદને પોતાની અંદર સમાવતું કલા સ્વરૂપ છે."[૩] સુરેશ જોષીએ 'કથોપકથ' ગ્રંથમાં નવલકથા સ્વરૂપની લાંબી ચર્ચા કરીને નવલકથા પ્રત્યે અસંતોષ વ્યક્ત કર્યો છે. (ખરેખર તે વ્યાજબી નથી લાગતો-મારા મતે ) નવલકથા કેવી હોવી જોઈએ એનો આલેખ રજૂ કર્યો છે. તેમાં તેમણે નવલકથાને મહત્ત્વનું કલાસ્વરૂપ ગણી કલાનો વિસ્તાર કરતું કેન્દ્રરૂપ સાહિત્ય સ્વરૂપ લેખ્યું છે.

નવલકથાની વ્યાખ્યા બાંધવાના આજ સુધી જે પ્રયત્નો થયા છે તેમાં કેટલાંય વિદ્વાનોનાં મત મતાંતરો મળે છે અને તેમાં ઘણીખરી વ્યાખ્યાઓ તો કામચલાઉ પ્રકારની પણ મળી આવે છે. (અહીં કેટલાય વિદ્વાનોમાં-પાશ્ચાત્ય, ભારતીય, ગુજરાતી સાહિત્યનાં વિદ્વાનો એવું અભિપ્રેત છે) એટલે અમુક એક લેખક, દેશ, પ્રકાર કે સમયગાળાની કૃતિઓને સમજવામાં તે ઉપયોગી ન નીવડે તેમ પણ બને. કાં તો એ વ્યાખ્યાનો વ્યાપ એટલો વિશાળ હોય કે તેમાં ઘણી નવલકથેત્તર કૃતિઓ પણ સમાઈ જાય, તો ક્યારેક એ વ્યાપ એટલો મર્યાદિત હોય કે, ઘણી બધી નવલકથાઓ તેની બહાર રહી જાય, તે માટે નીચેની કેટલીક વ્યાખ્યાઓ જોઈએ.

"નવલકથા એટલે ગદ્યમાં રચાયેલી કલ્પિત વાર્તા."[૪]

"એકંદરે દીર્ઘ એવી, ગદ્યમાં રચાયેલી કલ્પિત કથા- જેમા સંકુલતા ધરાવતી વસ્તુ સંકલનાને આધારે વાસ્તવજીવનનાં પ્રતિનિધિરૂપ કાર્યોનું અને માનવીઓનું ચિત્રણ કરવામાં આવ્યું હોય."[૫]

"અમુક લંબાઈની કલ્પક ગદ્ય રચના."[૬]

"નવલકથા સમકાલીન ઈતિહાસથી વિશેષ નથી. આપણે જે યુગમાં જીવી રહ્યા છીએ એના સામાજિક પરિવેશનું તદ્દન અશેષ અને સમ્યક પુનઃ નિર્માણ છે."[૭]

“નવલકથા એના વ્યાપક અર્થમાં વ્યક્તિગત્ત જીવનનાં પ્રત્યક્ષ સંસ્કાર છે.”[૮]

“વાસ્તવ જીવનની કથા કહેતી, ચોક્કસ પ્રકારના ઘટ્ટ પોતવાળી ગદ્યકૃતિ.”[૯]

“નવલકથાકાર પ્રતિકૃતિ છે અને પ્રતિકૃતિમાં છબી કરતા કંઈક અધિક હોય છે. નવલકથામાં આકાર, નકશી, રચનાઓ પણ પ્રયત્ન થતો હોય છે.”[૧૦]

“નવલકથાકાર જેમાં સમયનું એ સમયના વાસ્તવિક જીવનનું અને રીતિઓનું ચિત્ર છે.”[૧૧]

“નવલકથા માનવજીવનનાં સત્યનું યથાર્થ પર આધારિત વાસ્તવિક ચિત્રણ.”[૧૨]

“વાસ્તવજીવનને - વિશેષે, નવલકથામાં સ્થાન પામેલા સ્ત્રી-પુરુષોનાં જીવન ઈતિહાસમાં પ્રગટતા મનઃ સંઘર્ષોને રજૂ કરતી ગદ્યમાં રચાયેલી કલ્પિત કથા.”[૧૩]

“દરેક નવલકથા મનુષ્ય જીવનની અથવા માનવીય કલ્પનાની એક સ્મરણયાત્રા છે. એમાં સાચા અને કાલ્પનિક જીવનનું પુનઃ લોકન કરેલું હોય છે. તેથી જ માણસને આ વિશિષ્ટ સાહિત્યકૃતિમાં આટલો બધો રસ છૂટે છે.”[૧૪]

“નવલકથા સ્થળકાળનાં વિસ્તૃત પટ પર સંકુલ જીવન દર્શન આપે છે.”[૧૫]

સુરેશ જોશી નવલકથાનાં સ્વરૂપની વાત કરતાં અમેરીકી નવલકથાકાર મેરી મેકાર્થીએ આપેલી ઓળખાણનો હવાલો આપે છે. “વાસ્તવજીવનની કળા નિરૂપતી અને અમુક કદવાળી ગદ્યમાં લખાયેલી કિતાબ તે નવલકથા. (અ પ્રોઝ બુક ઑફ એ સર્ટેન થીકનેસ ધેટ ટેલ્સ અ

સ્ટોરી ઓફ રીયલ લાઈફ) અને એમ પણ કહેવાય છે કે, રોમાન્સ નહી તે નવલકથા ''કાવ્યમય સત્યનું અકાવ્યમય નિવેદન તે નવલકથા'' તો નવલકથાને ક્રેફેર્ડ પોકેટ થિયેટર પણ કહે છે

ઉપરોક્ત વ્યાખ્યાઓ-વિદ્ધાનોનાં મતમતાંતરો પછી એવા તારણ પણ આવી શકાય કે, નવલકથામાં કલાસ્વરૂપ અને જીવનરૂપ બંને આવશ્યક છે. આ સ્વરૂપની આ વ્યાખ્યાઓ પરથી અનેક નિશ્ચિતતાઓ પણ આપણી સામે આવે છે. છતાં પણ નવલકથા શું છે? નવલકથા કોને કહેવાય ? તે બાબત સર્જકો, ભાવકો અને વિવેચકોને સારી રીતે જાણ થાય છે. કોઈ નિશ્ચિત ધારા-ધોરણો ન હોવા છતાં એના કેટલાક ઘટક અંશોનો આગ્રહ રાખવો જ પડે નહી તો આ સ્વરૂપની શકયતાઓમાં ઘણી બધી અસમંજસતા આવી શકે એમ છે, તોય તારણો કાઢીએ તો આ પ્રકારના નીકળી શકે.

(૧) એમાં વાસ્તવિક ચિત્ર નવા પરિધાનમાં સર્જાયું હોય છે.

(૨) માનવીના મનને ગમી જાય તેવી રમણીય રૂપસૃષ્ટિ તેમાં હોય છે.

(૩) તેનું સ્વરૂપ નિબંધ હોય છે.

(૪) નવલકથાના વિહાર માટે વિપુલ પૃથ્વીની સામગ્રી સામે પડી હોય છે.

(૫) વાચક, લેખક અને યુગ ત્રણેયની કાવ્યરૂપતા નવલકથામાં નિષ્પન્ન થયેલી હોય છે.

(૬) નવલકથા મુખ્યત્વે ગદ્યનાં માધ્યમથી સર્જાય છે.

(૭) નવલકથાની કથનાત્મક રીતિ-સંવિધાનની સુગ્રથિતતા સુશ્લિષ્ટતાની અપેક્ષા રાખે છે.

(૮) વાસ્તવિક જીવનએ નવલકથાની વસ્તુ સામગ્રી બને છે.

(૯) નવલકથાના સર્જકે સર્જન પાછળ કોઈ વિશિષ્ટ હેતુ અંતર્નિહિત રાખેલો હોય છે. દા. ત. ઉચ્ચ મૂલ્યો અને સનાતન સત્યનું દર્શન.

(૧૦) લેખક નવલકથાને કલ્પનાને રંગે રંગી નવો દ્રષ્ટિકોણ આપે છે.

(૧૧) પોતે સાંભળેલ, જોયેલ અને વાંચનથી મેળવેલા જ્ઞાનને- સત્યને નવલકથાકાર અહીં રજૂ કરે છે.

(૧૨) સાહિત્યનો મુખ્ય ઉદ્દેશ્ય નિર્ભેળ આનંદ આપવાનો છે તે પણ અહીં આલેખાયેલ હોય છે.

ઉપરોક્ત વ્યાખ્યાઓ અને તારણોથી આપણને નવલકથાના જે ઘટકતત્વો કે લક્ષણો મળે છે તે ભલે મધ્યકાલીન પદ્યવાર્તામાં મળતા હોય છતાં નવલકથાએ ગદ્યના માધ્યમથી રચાતું એક સ્વતંત્ર  સાહિત્ય સ્વરૂપ છે. કદાચ કોઈ સર્જક ઈચ્છે તો તે નવલકથામાં કાવ્યમય શૈલી યોજી શકે છે અને એ રીતે પદ્યની નિકટ નવલકથાને લઈ જઈ શકે છે. પરંતુ મુખ્યત્વે નવલકથા તો ગદ્યમાં જ રચાય છે. આ નવલકથાનાં રૂપના પ્રકારો ઘટનાને આધારે આપણને આટલા મળે છે. રોમાંચકથા, રહસ્યકથા, સાહસકથા, વિજ્ઞાનકથા, પ્રેતકથા, તો વિષયવસ્તુને કેન્દ્રમાં રાખીને એના જે પ્રકારો મળે છે, તેમાં - પૌરાણિકકથા, ધાર્મિકકથા, ઐતિહાસિકકથા, સામાજિકકથા, રાજનૈતિકકથા, દામ્પત્યકથા, કુટુંબકથા, વૈજ્ઞાનિકકથા, મનોવૈજ્ઞાનિકકથા વગેરે અને આજે તો કંઈ કહેવાય નહી કોઈ નવો પ્રકાર આવી જાય તો કારણ કે નવલકથાની શકયતાઓ તાગવાની કોશિશ તો હજી ચાલું જ છે.

આગળ ચર્ચાઈ ગયેલી બધી બાબતો વિચાર કરીને આપણા અને પાશ્ચાત્ય વિદ્વાનોએ નવલકથા સ્વરૂપમાં જે લક્ષણો નીચોડરૂપે તારવી આપ્યા છે. તે સર્વમાન્ય પણ ગણાયા છે. તે આ પ્રમાણે છે.

## ૨.૩ નવલકથાની લાક્ષણિકતાઓ- વિશેષતાઓ :-

(૧) વિષયવસ્તુ : કથા : કથાનક : સંકલના

(૨) પાત્ર : પાત્રાલેખન : ચરિત્રનિર્માણ

(૩) વાતાવરણ : સ્થળવર્ણન, કાળવર્ણન : પરિવેશ

(૪) જીવનદર્શન : સમાજનિરૂપણ : સંદેશ

(૫) ગદ્યશૈલી : ભાષાપ્રયોગ : સંવાદકળા

નવલકથા પશ્ચિમ પાસેથી ઉછીનો લીધેલ સાહિત્યપ્રકાર છે અને આપણે ત્યાં એનું આયુષ્ય સો સવાસો વર્ષનું માંડ થયું છે. નિબંધ પછી આપણે ત્યાં ગદ્યનું કોઈ સ્વરૂપ તરત નીપજીને આજ સુધી પ્રધાન રહ્યું હોય તો તે નવલકથા. કથારસિકોની કથાઅપેક્ષાને સંતોષવાની એની અજબ શક્તિ, એની જીવંતરૂપ સૃષ્ટિમાં વાચકોને અજાણપણે-ભાવે પણ મળી જતાં પોતાનાં આંતરઘડતરનાં બીબાં અને અન્ય સાહિત્યસ્વરૂપોને મુકાબલે અધિકતર અનુનેય સ્વરૂપને કારણે પ્રતિભાશાળી સર્જકને જોઈતી આગવી વિભિન્ન આવશ્યકતાઓને આકાર

આપવાની ક્ષમતા એ ત્રણે કારણોથી એ મૂર્ધન્ય સ્થાને બેસી શકેલ છે. નવલકથા માટેની નવી સંજ્ઞા હવે ફિકશન છે. આ જ સંદર્ભે આપણે નવલકથાનાં લક્ષણોને તપાસીએ.

### (૧) વિષયવસ્તુ : કથા : કથાનક : સંકલના :-

નવલકથા વિશે વિચાર કરતા સૌ પ્રથમ ધ્યાનમાં આવતો મહત્વનો મુદ્દો તે તેના વસ્તુ વિષયનો અને વસ્તુ સંકલનાનો છે, વસ્તુ એ વાર્તા નથી. બન્નેમાં ભેદ છે. એ આપણે સમજીએ છીએ. નવલકથામાં ઘટતી ઘટનાઓની પરંપરાથી આપણે વસ્તુને પારખી શકીએ છીએ. વસ્તુ એટલે નવલકથાનો મુખ્ય કેન્દ્રવર્તી વિચાર, એવું ક્લેવર જેની આજુ-બાજુ વાર્તા વણાઈ હોય. વિષયવસ્તુ નવલકથાનું મુખ્ય લક્ષણ કહી શકાય. કથાનો એ પ્રાણ છે, એ ખરુ પણ કથાનું સ્વરૂપ, કથાનું નિરૂપણ, કથાનકની પસંદગી વગેરે પણ એટલા જ જરૂરી મુદ્દાઓ છે. એટલે એમ કહી શકાય કે, કથનાત્મકતા વાર્તાતત્વ સાથે સંબંધિત છે. પરંતુ નવલકથામાં સર્જકની સર્જનશક્તિ દ્વારા રચાયેલી વાર્તા હોય છે. અર્થાત્ કથનાત્મક અંશ સાથે સર્જકની સર્જનશક્તિ, કલ્પનાશક્તિ ઉમેરાય છે. એ રીતે કૃતિ કલ્પિત છબી બનીને વ્યવસ્થિત આકારને પામે છે. વાસ્તવ અને કલ્પનાનો સમુચિત કલામય વિનિયોગ સર્જકને સફળતા અપાવે છે તેમ છતાં કલ્પનાના બળે નિરૂપણ કરીને કૃતિ સર્જવી એ સર્જક માટે કસોટીરૂપ છે. અને એટલે જ કહેવાયું છે "નવલકથામાં હકીકત અને કલ્પના બંને અંશો રહેલા હોવા છતાં, તેમાં કલ્પનાનું પ્રવર્તન મુખ્ય અને બળવાન હોવાથી તેને કલ્પના સર્જિત અથવા કલ્પનોત્થકથા (ફીકશન અથવા ફીકટીવ આર્ટ) તરીકે કેટલીકવાર ઓળખવામાં આવે છે."[૧૬]

આમ, વાસ્તવ અને કલ્પનાને સંયોગે સર્જક તેની સર્જનશક્તિ દ્વારા ગદ્યમાં કથા રચે છે, પરંતુ આટલું જ પૂરતુ નથી. વિવિધ પ્રસંગોની ઉચિત ગૂંથણી-પ્રસંગ આયોજનએ પણ નવલકથાનાં સ્વરૂપમાં એટલું જ મહત્ત્વનું અંગ છે. આવી વાર્તા ભાવકની કુતૂહલવૃત્તિ જાળવી રાખે છે અને વસ્તુ નવલકથાનું વધુ બુદ્ધિગમ્ય અંગ છે. વસ્તુ પસંદગી મુખ્યત્વે સર્જકનાં આસપાસના વાતાવરણને આધારિત હોય છે. વળી સર્જકની જીવનદ્રષ્ટિ તેના અનુભવો તેના વાંચન વગેરે પણ વસ્તુ પસંદગીમાં મદદરૂપ બને છે. માનવજીવનની સારી-નરસી તમામ પરિસ્થિતિઓ, માનવીના આંતર-બાહ્ય ઘર્ષણો ખૂબીથી રજૂ કરે છે. તે નવલકથાનાં વસ્તુને

સુઘટ્ટ બનાવે છે. વસ્તુ પસંદગી પછી સર્જકની સૌથી મોટી જવાબદારી તે વસ્તુનો કલામય ઉચિત વિનિયોગની-એટલે કે વસ્તુ સંકલનાની છે. વિષયવસ્તુ વ્યવસ્થિત ઘાટ આપવો પડે છે. કોઈપણ સફળ નવલકથામાં એક ઘટનાને લીધે બીજી ઘટના સ્વાભાવિક ક્રમમાં બને તેની અપેક્ષા રહે છે. પરંતુ ક્યારેક સર્જક અકસ્માતનો સહારો લે છે. જે મુખ્યત્વે તો સર્જકની કમજોરી છતી કરે છે. કૃતિમાં જે કંઈ પણ આવે તે સાહજિકતાથી અને અનિવાર્યપણે આવે તે વસ્તુસંકલનાની દ્રષ્ટિએ નવલકથાની મોટી આવશ્યકતા છે અને એટલે જ ડૉ. ધીરુભાઈ ઠાકર કહે છે તે સાચુ જ કહે છે, જે વસ્તુ અને સંકલનાને સરખું લાગુ પડે છે. વિષયવસ્તુ નવલકથાનું હાડ કહેવાય છે. લેખકની પસંદગી અને તેના રસસ્થાનોની ચકાસણી કરીને વાર્તાનું કાઠું નક્કી કરી લે છે.

**(૨) પાત્રઃ પાત્રાલેખન : ચરિત્રનિર્માણ :-**

નવલકથામાં જીવન નિરૂપાય છે, તો સ્વાભાવિક છે કે, માનવ વિના એ નિરૂપણ શક્ય નથી. માનવ જ નવલકથામાં ભાગરૂપે આવે છે. ફૉસ્ટેરે તો નવલકથામાં વસ્તુસંકલના કરતા પણ ચરિત્ર નિરૂપણને વધુ મહત્ત્વ આપ્યું છે. કારણ કે નવલકથામાં જે કંઈ પણ બને છે, તે તેમાં નિરૂપિત પાત્રો માટે બને છે. પાત્રો દ્વારા બને છે, એટલે નવલકથામાં પાત્ર એ વિશિષ્ટ અંગ છે. નવલકથામાં એનો સર્જક પાત્રનું ચિત્રણ બે રીતે કરે છે.- (૧) વર્ણન દ્વારા (૨) સંવાદ દ્વારા. આ દ્વારા એ પાત્રોનું આંતર-બાહ્ય વિશ્વ સર્જે છે. પાત્રો દ્વારા પ્રસંગો બને છે, પ્રસંગો દ્વારા પાત્રો ખીલતા જાય છે અને એમ નવલકથાનો પ્લોટ વિકાસ સાધે છે. એવું કહેવાય છે કે, કોઈપણ નવલકથામાં જો પાત્રાલેખન એકલું પણ સબળતાથી થતું હોય તો નવલકથાની અન્ય ખામીઓ ઢંકાઈ જાય છે. આથી જ નવલકથામાં જેમ પાત્રો અનિવાર્ય છે, તે જ રીતે પાત્રાલેખનની સબળતા પણ આવશ્યક છે. એટલે જ આ વિધાન અહીં સાચું પડતું લાગે છે. “નવલકથાનાં પાત્રો વિશેષ કરીને કલ્પનાત્મક હોય છે. એ તો ખરું પણ તે પાત્રો આપણે વાંચીએ છીએ. ત્યારે આપણો અનુભવ એને વાસ્તવિક પાત્રોમાં ફેરવી નાંખે છે.”[૧૭] નવલકથાનાં પાત્રો સારાં પણ હોઈ શકે, નરસાં પણ હોઈ શકે, અને આ બે બાબતોમાં મિશ્રણવાળા પણ હોઈ શકે. અને પાત્રની સર્જનતામાં પણ ભિન્નતા રહેલી છે. પાત્રના સમગ્ર

નિર્માણમાં વધારે જવાબદારી સર્જકની જ હોય છે, છતાં પાત્રનું વ્યક્તિત્વ સ્વતંત્ર હોવું જોઈએ એ સફળ ચરિત્રચિત્રણની પ્રથમ શરત છે. સર્જકની આંગળી પકડીને ચાલતા પાત્રો નવલકથાને નબળી બનાવે છે. સામાન્ય રીતે પાત્રો બે પ્રકારના હોય છે. એક તો ચિત્રાત્મક-સ્થિર 'ફ્લેટ ઓર ટાઈપ' અને નાટ્યાત્મક એટલે કે 'રાઉન્ડ ઓર ઈન્ડીવીડ્યુલ.' પ્રથમ પ્રકારના પાત્રો ઓછાં વાસ્તવિક લાગે છે. પાત્રોની ગતિશીલતા પણ ઓછી જણાય છે. જ્યારે બીજી રીતના પાત્રો વધુ વાસ્તવિક અને વધુ જીવંત લાગે છે. આ પાત્રોનો સ્વભાવ તેના આચાર-વિચાર અને વાણી દ્વારા જણાય છે. આવા પાત્રો પરિવર્તનશીલ-ગતિશિલ બને છે. પાત્રાલેખન માટે ત્રણ રીત અપનાવી શકાય છે. -(૧) જેમાં પાત્રનાં સ્વભાવનું સીધું સવિગત વર્ણન થાય. (૨) પાત્રને પોતાને જેમાં પ્રત્યક્ષ કાર્ય દ્વારા પોતાનું વ્યક્તિત્વ પ્રગટ કરવાની તક મળે તે રીત. (૩) બેઉના મિશ્રણરૂપ ત્રીજી રીત. પાત્ર નિર્માણમાં મુખ્ય અને ગૌણ પાત્રોની પણ અગત્યતા અનિવાર્ય છે તો જ આપણને નવલકથામાં અને પછી પાત્રોમાં રસ પડે.

**(૩) વાતાવરણ : સ્થળવર્ણન, કાળવર્ણન : પરિવેશ :-**

વર્ણનએ નવલકથાનું અનિવાર્ય ઘટક છે. નવલકથામાં સ્થળ, કાળના વર્ણન અત્યંત આવશ્યક હોવાથી આ લક્ષણને ટાળી શકાય નહીં. ભાષા મુખ્યત્વે વર્ણનાત્મકતાનું લક્ષણ ધરાવતી હોવાથી સાહિત્યના કોઈપણ સ્વરૂપમાં વર્ણનનું લક્ષણ પ્રગટ થાય જ છે. વાર્તા, વસ્તુ, પાત્રો, વગેરેને ઉઠાવ આપવા માટે સર્જકને એ અંગોને અનુરૂપ યોગ્ય ભૂમિની જરૂર પડે છે. એટલે કે યોગ્ય વાતાવરણ વિના વસ્તુ કે પાત્રોની યોગ્યતા જળવાતી નથી અને આ બાબત વર્ણનો દ્વારા સ્થળ-કાળને-વાતાવરણને પણ દર્શાવે છે. વર્ણન દ્વારા વાતાવરણ ઉભું કરીને નવલકાર એકસાથે ઘણા નિશાન પાર પાડે છે. ભાષાનું અંતર્ગત અંગ હોવાથી તે ભાષાને પણ બખૂબી રજૂ કરે છે. આપણે ત્યાં કનૈયાલાલ મુનશી, ધૂમકેતુ જેવા સર્જકો વર્ણનોનાં વિશારદ ગણાતાં હતાં. ઐતિહાસિક, પૌરાણિક નવલકથાઓ માટે તો વર્ણનો દ્વારા પરિવેશ ઉભો કરવાની ખાસ જરૂરત જણાતી-સ્થળ અને કાળના નિરૂપણથી વાતાવરણની સુગંધ પ્રગટતી હોય છે.વાતાવરણનાં ચિત્રણથી આપણે જે તે જમાનાના વેશ, વર્તન, વાણી વ્યવહારને પામી શકીએ છીએ. સ્થળ જીવંત વાતાવરણ ખડું કરે તેવું નિરૂપાવું જોઈએ. સર્જક

કાળનો ઉપયોગ ક્યારેક કારણ તરીકે, તો ક્યારેક વિકાસ રેખાનાં માપદંડ તરીકે કરતો હોય છે. આ બધુ વિવિધ વર્ણનો દ્વારા શક્ય બને છે. ડૉ. પ્રવીણ દરજી આ સંદર્ભે તેમના એક પુસ્તક 'નવલકથા સ્વરૂપ'માં જણાવે છે "પાત્ર એટલું યથાર્થ હોવું જોઈએ કે જેથી આપણે આપણી ચેતનાને મૂકી શકીએ અને વાતાવરણ એટલું યથાર્થ હોવું ઘટે કે એમાં આપણે હરીફરી શકીએ."[૧૮] આપણને ખબર છે કે, પન્નાલાલ પટેલની પ્રાદેશિક અને ક.મા.મુનશીની ઐતિહાસિક નવલકથાની સફળતા વાતાવરણની જમાવટને આભારી છે અને ભાવકના મનઃચક્ષુ આગળ તાદશ ચિત્ર ખડું થાય છે.

**(૪) જીવનદર્શન-સમાજનિરૂપણ : સંદેશ :-**

નવલકથામાં નિરૂપણ પામેલા વસ્તુ દ્વારા, પાત્રોના વિવિધ માનસ દ્વારા તેમના વિવિધ સંઘર્ષ દ્વારા તેમજ નવલકથામાં આવતા લેખકનાં ટીકા-ટિપ્પણ કે ચિંતન દ્વારા લેખકનો જીવન પ્રત્યેનો અભિગમ રજૂ થતો હોય છે. અને એ બધુ સમાજનાં નિરૂપણ દ્વારા જ ખબર પડે. કારણ કે સમાજ હશે ત્યાં જીવનની અસંખ્ય કૂટનિતિઓ, રીત રિવાજો, શ્રદ્ધા, વહેમ, પ્રેમ, દ્વેષ, વેર, ઝેર હોય જ. અને તો જ આપેલો સંદેશ સાર્થક લાગે.કોઈપણ કલાકૃતિની જેમ નવલકથાનો પહેલો હેતુ તો વાચકોને નિરતિશય આનંદ આપવાનો છે. પણ નવલકથાકારે ત્યાં અટકવાનું નથી. નવલકથાકાર પાસે જીવનને નિહાળવાની આગવી દૃષ્ટિ હોય છે તે પ્રગટપણે જીવન વિશે કશું ન કહે તો યે આખી ઘટનામાંથી પરોક્ષ રીતે તેનું જીવન વિષયક દૃષ્ટિબિંદુ ઉગી નીકળે છે. એટલે એમ પણ કહેવાયું છે કે, "જીવન દર્શન વિનાની નવલકથાએ તો આત્મા વિનાનાં અંગ જેવી છે."[૧૯] નવલકથાએ જીવનની સમીક્ષા છે. નવલકથાકાર કદી જીવન અંગે શાસ્ત્રીય સિદ્ધાંતો રજૂ નથી કરતો પણ નવલકથા દ્વારા જીવનનાં તાત્ત્વિક સત્યો સજીવ બનતા હોય છે. સર્જન અને ચિંતનનાં સમન્વય દ્વારા વિશ્વની મહાન નવલકથાઓ આજે પણ રસિક રહી છે. નવલકથામાં કર્તાનું જીવન પ્રત્યેનું હકારાત્મક કે નકારાત્મક દૃષ્ટિબિંદુ એમાં રજૂ થાય છે. નવલકથાનાં સમગ્ર આલેખનમાં એના મનમાં ઉંડે ઉંડે રહેલું રહસ્ય જીવનદર્શનરૂપે પ્રગટ થાય છે. નવલકથામાં આધાર જીવનનો છે. આથી જીવનને વેગળું મૂકીને એમાં કંઈ રચી શકાતું નથી અને જ્યાં જીવન આવે છે. ત્યાં જીવનનો કોઈ નિચોડ પ્રગટ થવો જોઈએ. નવલકથા રચવાનો મુખ્ય હેતુ જ જીવન દર્શન અને સમાજ દર્શન છે.

**(૫) ગદ્યશૈલી : ભાષા પ્રયોગ : સંવાદકળા :-**

નવલકથામાં વસ્તુ, પાત્ર, સંવાદ, પરિવેશ અને ઉદ્દેશ્ય એ બધાને એક સૂત્રમાં પરોવનાર છે લેખકની ભાષાશૈલી. નવલકથાનો લેખક કાવ્ય અને નાટકથી ભિન્ન રીતે ભાષાના માધ્યમનો ઉપયોગ કરે છે. બીજી બાજુ નવલકથામાં વસ્તુના વિકાસ માટે નવલકથાકાર પાસે એક મહત્ત્વનું સાધન છે સંવાદ. પાત્રો-પાત્રો વચ્ચે થતો વાર્તાલાપ. વસ્તુ, પ્રસંગ,વાતાવરણ અને જીવન દર્શન સર્વ અંગોને એક ઓપ આપીને પ્રગટાવે છે. નવલકથા જીવનના વાસ્તવને વિષય બનાવે છે. જેથી જીવાતા જીવન સાથે નવલકથાની ભાષા જેટલો નિકટનો સંબંધ પ્રસ્થાપિત કરે તેટલી નવલકથાની સચોટતા અને અસરકારકતા પ્રતિત થવાની. સંવાદોમાં બોલચાલની ભાષાનો વિનિયોગ થાય એ જરૂરી છે. નવલકથા બૃહદ સાહિત્ય સ્વરૂપ હોવાને કારણે તેમાં ભાષાનો વિસ્તારથી ઉપયોગ થતો હોય છે. નવલકથાની શૈલી વિશે નરેશ વેદ લખે છે, ''નવલકથામાં કથન, વર્ણન, કથ્થોપકથન, એમ વિવિધ નિરૂપણ રીતિઓ વડે વસ્તુનિરૂપણ થતું હોય છે.''[૨૦] આ બધાનું સ્તર એક સરખું ન હોઈ શકે. જુદાં જુદાં સ્તરે ભાષાનું જુદું જુદું પોત પ્રગટ થતું હોય છે. ભાષાના આવાં કાર્ય દ્વારા પાત્રોના વાર્તાલાપ પાત્ર માનસને આપણી સમક્ષ સુરેખ અને સ્પષ્ટ બનાવે છે. સંવાદની સચોટતામાં મુનશીના સંવાદોને ઢાલ લાકડી જેવા કહેવાય છે. ગામડાના પાત્રોને શહેરી ભાષાનાં સંવાદમાં વાત કરતા બતાવી શકતાં નથી. મુનશીએ પાત્રોને બોલવા દીધા છે. ધારદાર અને ચોટદાર સંવાદોની ધારી અસર પાડે છે. સંવાદોની સફળતાનો આધાર એની પાત્રોની સ્વાભાવિકતા પર રાખે છે. એટલે કે, સંવાદથી પણ પાત્ર વિકાસ તથા વસ્તુ વિકાસ થાય છે. સંવાદો વાર્તાપોષક હોવા જોઈએ. સંવાદ સ્વભાવિક હોવા જોઈએ. સંવાદો પ્રસંગાનુરૂપ તથા પાત્રાનુંરૂપ હોવા જોઈએ. સંવાદ આંડબરી તથા અપ્રતિતિકર ન હોવા જોઈએ. આપણને મુનશી-પન્નાલાલ-મડિયાનાં સંવાદો સ્વાભાવિક લાગે છે. એનું કારણ એમની કથન-લેખન શૈલી છે. શૈલી એ લેખકના વ્યક્તિત્વની આરસી છે. શૈલી એ કલાકારનાં શીલ સાથે જોડાયેલી છે. એટલે જ 'શીલ તેવી શૈલી' એ ઉક્તિ સાહિત્યનાં સંદર્ભમાં પ્રચલિત છે.

આ સર્વે અંગો દ્વારા કૃતિ જ્યારે ભાવક પાસે આવે છે ત્યારે એમાં નિરૂપિત જીવન અને એમાં રહેલા સૌંદર્યનો સાથે સાથે વિચાર કરવાનો રહે. કલાનું અંતિમ લક્ષ્ય ભલે સુંદરતા હોય, સૌંદર્ય સાધવાનું હોય, કૃતિની સમગ્ર છાપ એક સુંદર કલાકૃતિની જ હોવી જોઈએ.

છતાં પણ, એ સુંદરતા સાથે શ્રેષ્ઠ જીવનદર્શન સંલગ્ન રહે એ પણ એટલું જ જરૂરી છે. એથી એમ કહી શકાય કે, જીવનને સમજવાની એક દૃષ્ટિ કે સૂઝ પણ નવલકથા આપે છે. નવલકથા તેની કલાની કસોટીએ સફળ નીવડતી હોય તો પછી તેને કઈ રીતે રજૂઆત પામી છે તે અગત્યનું રહેતું નથી. નવલકથાને માટે રજૂઆતની દૃષ્ટિએ મુખ્યત્વે ત્રણ રીતો પ્રચલિત છે. વર્ણનાત્મક, નાટ્યાત્મક, આત્મકથનાત્મક આજે તો નવલકથા "જૂજવે રૂપે અનંત ભાસે" જેવી સ્થિતિમાં ગતિ કરી રહી છે. એટલે જ શ્રી ચન્દ્રકાંત બક્ષી નોંધે છે કે ૧૯૪૭ ગુજરાતી નવલ માટે એક હિત તારીખ છે. એથી વિશેષ નહી, બુઝૂર્વાપ્રેમવાદ, પાખંડી, પ્રૌઢવાદ, અકૈન્દ્રિય, અસ્તિત્વવાદ બધુ જ પૂર્વવત્ ચાલતું હતું અને આઝાદી આવે હજી માંડ એક દશક પણ વીત્યો ન હતો અને ઊર્જાના વિસ્ફોટનો એક ભયંકર ધક્કો નવલકથાને લાગ્યો અને નવલકથા સાહિત્યનું સ્વરૂપ હંમેશ માટે પડખું ફરી ગયું. આજે નવલકથાને શુદ્ધ કલાકૃતિ બનાવવા તરફની આજના સર્જકની ગતિ જોતાં એની આવતીકાલ ઉજળી હશે એવી શ્રદ્ધા બેસે છે.

### ૨.૪ નવલકથાનો ઉદ્દભવ - વિકાસ :-

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધથી પાશ્ચાત્ય ઢબની કેળવણીને કારણે જે નવા યુગનો પ્રારંભ થયો એનું મહત્ત્વનું લક્ષણ તે ગદ્યનો સાહિત્યમાં થયેલો સ્વીકાર. પશ્ચિમનાં સંપર્કનું જ એ પરિણામ છે. એ તો આપણે સૌ જાણીએ છીએ. એ સંપર્ક આપણે ત્યાં નવલકથાનું સ્વરૂપ લઈ આવ્યો. જેને આપણે ગુજરાતી સાહિત્યની પહેલી નવલકથા કહીએ છીએ એ નંદશંકર મહેતાની 'કરણઘેલો' નવલકથા વાસ્તવમાં તો એ વખતનાં રસેલ સાહેબની પ્રેરણાથી અંગ્રેજ સાહિત્યકાર સર વૉલ્ટર સ્કોટની ઐતિહાસિક નવલ ઉપર આધારિત અનુકરણકૃતિ છે. નંદશંકરની આ કૃતિ પ્રગટ થઈ. ૧૮૬૬માં અને એ રીતે ગુજરાતી નવલકથાનું આયુષ્ય સવાસો વર્ષોને વટાવી ગયું છે. કાળક્રમમાં મહીપતરામે રચેલી 'સાસુ-વહુની લડાઈ', 'કરણઘેલો'ની એક સાલ પહેલા આવે છે પણ એ વાર્તા જ રહી છે, નવલકથા ન બની શકી. મધુસૂદન પારેખે સને ૧૮૬૨માં સોરાબશા મુનસફનાએ ફ્રેન્ચની અંગ્રેજી કૃતિનાં રૂપાંતરરૂપે લખેલી 'હિન્દુસ્તાન મધ્યેનું એક ઝૂપડું' લઘુનવલને ગુજરાતી સાહિત્યની પહેલી નવલકથા તરીકે સ્વીકારવા મંતવ્ય પ્રગટ કર્યું છે, પણ એ કૃતિ કદમાં કે ગુણવત્તામાં 'કરણઘેલો' સાથે બેસી શકે તેમ નથી. તેથી

'કરણઘેલો'ને જ ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાતી સાહિત્યની પહેલી શિષ્ટ નવલકથા ગણવામાં કશો બાધ દેખાતો નથી.

આ સમયમાં અગાઉ ઉલ્લેખ કર્યો છે તે 'સાસુ-વહુની લડાઈ', 'સઘરા જેસંગનો સાળો' અને 'વનરાજ ચાવડો' જેવી નવલકથાઓનાં લેખક મહીપતરામ નીલકંઠ, 'રાણકદેવી'ના સર્જક આનંદપ્રસાદ વૈષ્ણવ, 'અંધેરી નગરીનો ગાંધર્વસેન'ના સર્જક હરગોવનદાસ કાંટાવાળા, 'રૂઢિ અને બુદ્ધિ'ની કથાના સર્જક કેશવલાલ પરીખ, 'ગંગા એક ગુર્જર વાર્તા', તેમજ 'હિંદ અને બ્રિટાનીયા'ના સર્જક ઈચ્છારામ સૂર્યરામ દેસાઈ, 'ઈરાવતી'ના લેખક છગનલાલ મોદી વગેરે અનેક લેખકોએ આ સ્વરૂપને ખેડ્યું છે, પણ અહીં મુખ્ય ઉદ્દેશ કથા દ્વારા સમાજસુધારાનો રહ્યો છે. 'સરસ્વતીચન્દ્ર'નો પહેલો ભાગ પ્રસિદ્ધ થયો તે પહેલા મણિલાલ નભુભાઈની 'ગુલાબસિંહ' નામની નવલકથા લખાઈ હતી. જે ૧૮૯૭માં પ્રસિદ્ધ થઈ. એ નવલકથા મૌલિક નથી છતાં આપણા સાહિત્યમાં એને ઊંચું સ્થાન મળેલું છે. એ પછીની 'સરસ્વતીચન્દ્ર'ને આપણા ગુજરાતી સાહિત્યમાં મૂર્ધન્યસ્થાન મળેલું છે. એ વાસ્તવિક જીવનને નિરૂપતી પહેલી મૌલિક અને શિષ્ટ ગુજરાતી નવલકથા છે. એમાં ૧૯મી સદીના ધાર્મિક, સામાજિક અને રાજકીય પ્રશ્નોની વિશદ્ અને તલસ્પર્શીચર્ચા, ભાવિ પેઢીઓને પણ એમાંથી વર્ષો સુધી માર્ગદર્શન મળી રહે એ રીતે કરવામાં આવી છે. વિદ્વાનોએ એને ગ્રંથ શિરોમણી, 'પંડિત યુગનું મહાકાવ્ય', 'પ્રણયકથા નિમિત્તે સંસ્કૃતિ કથા' જેવા શબ્દોથી નવાજી છે. એના ચાર ભાગના લગભગ ૨૦૦૦ પૃષ્ઠોમાં આ મહાનવલનાં સમર્થ, સ્વદેશવત્સલ, ચિંતનશીલ અને વિદ્વાન કર્તાએ ભારતીય અને અંગ્રેજી સંસ્કૃતિનાં સંઘટ્ટના એ સમયના બધા જ મહત્ત્વના પ્રશ્નોને ગૂંથી લીધા છે. તેમ છતાં એમાં કેટલાક દોષ નજરે પડે છે. લાંબા વર્ણનો, લાંબા અંગ્રેજી ફકરાઓ, કેટલીક અપ્રસ્તુત ચર્ચાઓ વગેરે ખૂંચે છે. તો પણ એક હકિકત છે કે, આપણી પહેલી નવલકથા 'કરણઘેલો', ઐતિહાસિક નવલકથા હતી, જ્યારે 'સરસ્વતીચન્દ્ર' એ સામાજિક રાજકીય વસ્તુના ઘાટવાળી મહાનવલ છે.

પછીનાં ગાળામાં ભોગીન્દ્રરાય દિવેટીયાએ ગોવર્ધનયુગ અને મુનશીયુગને જોડતી કડીરૂપે પોતાનું વ્યક્તિત્વ ઊભું કર્યું હતું. એમણે સ્ત્રી-પુરુષના સામાજિક પ્રશ્નોને નિરૂપતી કેટલીક નવલકથાઓ લખી હતી. એમાંથી 'ઉષાકાન્તા' નામની નવલકથા એમની લોકપ્રિય નવલકથા હતી. તે સિવાયની અન્ય નવલકથાઓ મુખ્યત્વે કરીને 'સરસ્વતીચન્દ્ર'ની છાપવાળી નવલો

હતી.

રમણભાઈ નીલકંઠની 'ભદ્રંભદ્ર' નવલકથા આપણા ગુજરાતી સાહિત્યની સૌ પ્રથમ હાસ્યરસિક નવલકથા છે. લોકકથાના અડવાના પાત્રની જેમ પહેલીવાર 'ભદ્રંભદ્ર'નું પાત્ર લોકોમાં અમર બન્યું. પ્રાચીન પૂજકોની ભદ્રંભદ્રમાં વિડંબના કરવામાં આવી છે. સુધારકવૃત્તિની અતિશયતાની મર્યાદા છતાં રસવત્તા અને વસ્તુની વિલક્ષણતાથી એ કૃતિ આજે પણ એટલી જ આસ્વાદ્ય રહી છે.

જે સમયે ગોવર્ધનરામ અને એમની 'સરસ્વતીચન્દ્ર'નો તપતો સૂરજ હતો એના પછી લાંબા ગાળા સુધી એ બેઉની અસરમાંથી કોઈ સર્જક મુક્ત રહી શકયો નહોતો. (આજ સુધી ) ત્યારે નવલકથા ક્ષેત્રે સ્થિર થવું કપરુ હતું. આજ ગાળામાં એટલે કે ગોવર્ધનરામ પછી વીસ વર્ષે ગુજરાતી સાહિત્યમાં કનૈયાલાલ મુનશીનો ઉદય થયો. તેમનો ઉદ્દેશ્ય કથાને રસમય રીતે નિરૂપવાનો હતો. મુનશી પોતે અપૂર્વતાના ઉપાસક અને પ્રણાલિકાભંજક હતાં. સામાજિક પ્રણાલિકાઓની સામે રૂઢિઓની સામે તેમણે બંડ જગાવ્યું. આવી બધી અસરો તેમની નવલકથાઓમાં જોઈ શકાય છે. મુનશીએ સામાજિક તો ખરી જ પણ ખાસ કરીને ઐતિહાસિક નવલકથાઓ આપી છે. એમની પાસેથી 'વેરની વસૂલાત', 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ', 'પૃથિવીવલ્લભ', 'રાજાધિરાજ', 'જય સોમનાથ' જેવી પ્રેમ સાહસ અને વીરત્વથી દીપતી નવલકથાઓ ઈતિહાસની ભૂમિકાઓથી વિસ્તરી છે. તો સ્નેહસંભ્રમ 'તપસ્વિની ભાગ-૧,૨,૩', 'ભગવાન કૌટિલ્ય', 'ભગ્ન પાદુકા', 'કૃષ્ણાવતાર ખંડ -૧ થી ૫' પૌરાણિક કથાવસ્તુ ઉપર નિર્ભર રચનાઓ છે. ભારતનો-ગુજરાતનો ઈતિહાસ અને તેની અસ્મિતા તેમની રચનાઓમાં કેન્દ્રમાં છે. મુનશીના પાત્રો, કથાપ્રવાહ અને ભાષા સંવિધાન નવલકથાનું સ્ફૂર્તિમય સ્વરૂપ પ્રકટ કરે છે.

મુનશી પછી ગુજરાતી નવલકથાને શૈલીની મૌલિકતા અને વિવિધતા દ્વારા ર.વ. દેસાઈએ જુદો જ વળાંક આપ્યો હતો. રમણલાલ વસંતલાલ દેસાઈ ગુજરાતનાં યુગમૂર્તિ વાર્તાકાર તરીકે ખ્યાતિ પામ્યા છે. જેમ ક.મા. મુનશીએ ભારતનાં પ્રાચીન ઈતિહાસની ભવ્યતાને કલાત્મકરૂપે જીવંત કરી તેમ આ લેખકે ગુજરાતની નવજાગૃતિનાં યુગના વિવિધ પાસાને એમની નવલોમાં જીવંત કરી તેઓ સામાજિક વાસ્તવને પોતાની નવલકથાઓમાં વિષય તરીકે લઈ આવે છે. સ્વાતંત્ર્ય લડત વખતનાં ગુજરાતનું સ્વચ્છ, સુંદર પ્રતિબિંબ તેમની

નવલકથાઓમાં તેમણે ઝીલ્યું છે. ગાંધીયુગનાં બધા જ મહત્ત્વનાં પરિબળો એમની નવલોમાં મધુર અને આકર્ષક રીતે વ્યક્ત થયા છે. એમની નવલકથાઓમાં પ્રણય મહત્ત્વનો ભાગ છે. એમની પાસેથી 'જયંત', 'કોકિલા', 'પૂર્ણિમા', 'હૃદયનાથ', 'સ્નેહયજ્ઞ', 'ગ્રામલક્ષી ભાગ-૧થી ૪', 'દિવ્યચક્ષુ', 'છાયાનટ', 'ભારેલો અગ્નિ', 'ઠગ', 'ક્ષિતિજ-ભાગ-૧,૨', 'કાલભોજ', 'શૌર્યતર્પણ', 'પહાડોના પુષ્પો', 'બાલા જોગણ', 'પ્રલય', 'શચી પૌલોમી', 'ઝંઝાવાત', 'હૃદયવિભૂતિ' અને 'બંસરી' જેવી જાસૂસકથાઓ પણ મળે છે. એમની નવલોમાં સામાજિક, ઐતિહાસિક અને રાષ્ટ્રિય વિષયો મળે છે. ગુજરાતી સાહિત્યમાં ર.વ. દેસાઈ એક સિમાચિન્હરૂપ નવલકથાકાર તરીકે જાણીતા છે. નવલને નવી દિશા આપી હતી. મુનશી અને ર.વ. દેસાઈ પછી નવલકથાનાં વિકાસમાં ધૂમકેતુએ પણ પોતાનું યોગદાન આપ્યું છે. ગુજરાતનાં માઈલસ્ટોન વાર્તાકાર તરીકેની ખ્યાતિ પ્રાપ્ત કરેલા આ સર્જકે નવલોમાં ચૌલુક્યવંશની અને ગુપ્તયુગની કથાઓ લઈને જે સર્જન કર્યું તેમાં વાચિનીદેવી, ચૌલાદેવી, આમ્રપાલી, વૈશાલી અને મહાઆમત્ય ચાણક્ય જેવી ઐતિહાસિક નવલકથાઓ સુંદર પ્રસંગચિત્રો, કુનેહપૂર્ણ વસ્તુગૂંથણી અને ભાવનામય વાતાવરણને કારણે વંચાઈ છે, પણ કલાદષ્ટિએ ગણનાપાત્ર બની નથી.(એ વિધિની વક્રતા કહો કે બીજુ કંઈ ?)

ધૂમકેતુ પછી આવતા ઝવેરચંદ મેઘાણી મુખ્યત્વે લોકસાહિત્યનાં સંશોધક સંપાદક તરીકે અને તેમના અત્યંત ઉત્સાહી સ્વભાવ-બુલંદ અવાજ માટે વિખ્યાત છે. મેઘાણીએ નવલકથા સાહિત્યને પોતાની આગવી છટાથી અને શૈલીથી નવો જ વળાંક આપ્યો. મેઘાણી સૌરાષ્ટ્રના વતની હતા. એને લીધે એમની મોટા ભાગની નવલકથાઓમાં સૌરાષ્ટ્રી લોકજીવન, તેની ભાષા શૈલી, લઢણ, ખુમારી, રીત-રિવાજો, વહેમો, તેમજ સૌરાષ્ટ્રના ઈતિહાસને પ્રગટ કરતા પ્રસંગો, દુહાઓ- દંતકથાઓ વગેરે જોવા મળે છે. આ રીતે સૌરાષ્ટ્રનું જીવન મેઘાણીની નવલકથાઓમાં પહેલીવાર પ્રતિબિંબિત થાય છે. ગુજરાતી સાહિત્યમાં લોકજીવનનો આધાર લઈને લખવાની શરૂઆત સૌ પ્રથમ મેઘાણી કરે છે એમણે 'સમરાંગણ', 'સોરઠ તારા વહેતા પાણી', 'રા ગંગાજળિયો', 'ગુજરાતનો જય' જેવી ઐતિહાસિક નવલકથાઓ તેમજ તળપદા કુટુંબજીવનની મીઠી સુવાસ ફેલાવતી, 'તુલસીક્યારો', 'વેવિશાળ' જેવી સામાજિક નવલો પણ આપી છે. 'કાળચક્ર' એમની અધૂરી રહેલી નવલકથા છે. તળપદા અને લોકસાહિત્યનાં છાંટાથી મેઘાણીએ નવલકથાને નવી દિશા તરફ વાળવાનો પ્રયત્ન કર્યો એ એક ઐતિહાસિક

નોંધ છે.

મેઘાણી પછી તેમની સાથે કામ કરતા ગુણવંતરાય આચાર્યએ પણ શરૂઆતમાં મેઘાણીની અસરવાળી નવલકથાઓ લખવા માંડેલી, પણ ગુણવંતરાયની ધ્યાન ખેંચે તેવી નવલકથાઓમાં 'ભગવોને જો', 'દરિયાલાલ', 'શક્કરબાગ', 'સરફરોશ', 'હરારી', 'સરગોસ', 'જાવડભવાડ', 'સોહિણીસંધાર', 'કાળભૈરવ', 'હાજી કાસમ તારી વીજળી' વગેરેમાં લેખકની સાગરજીવનની પરિચિતતા, સાહસોત્તમ જીવનનું નિરૂપણ પ્રેમશૌર્યની ભાવનાથી રંગાયેલું રમ્ય, સદ્ અને રોમાંચક છે. ગુજરાતી સાહિત્યમાં સાગર કથાઓ લખવાની શરૂઆત ગુણવંતરાય આચાર્ય અને સુકાની સિવાય બીજા કોઈએ કરી નથી. ગુણવંતરાય ગુજરાતી સાહિત્યમાં આ કારણે ચિરંજીવ રહેવાનાં. તેમની અસરકારક અને પ્રવાહી શૈલીને કારણે તેમ જ પ્રબળ પાત્રાલેખનને કારણે તેમની સાગરકથાઓ ખાસ ધ્યાન ખેંચે તેવી છે. આ દૃષ્ટિએ ગુજરાતી સાહિત્યને ગુણવંતરાયનું આ મૌલિક પ્રદાન છે.

ગુણવંતરાય પછી આધુનિક નવલકથાઓએ સંખ્યાની દૃષ્ટિએ ઘણી બધી નવલકથાઓ આપી છે. પણ ગુણવત્તાની દૃષ્ટિએ જેમની ભાગ્યે જ કોઈ નવલકથા ઉલ્લેખનીય ગણાય તેવા ચુનીલાલ વર્ધમાન શાહની નવલકથાઓમાં બે નવલો ધ્યાન ખેંચે તેવી છે. એક 'સંધિકાળ' અને બીજી 'વિષચક્ર'. તેમની ત્રીજી નવલકથા 'જિગર અને અમી' ખૂબ લોકપ્રિય નીવડેલી છે. એમની આ છેલ્લી નવલકથા પરથી ગુજરાતી ચિત્રપટ પણ બન્યું છે.

આ પછી ગુજરાતી સાહિત્ય પર અમર છાપ છોડી જનારા સર્જક મનુભાઈ પંચોળી છે. ''દર્શક'' એમનું ઉપનામ. શુદ્ધ કળાનો આગ્રહ સેવે છે. તેમની પાસે ભાષા વિચારની સમૃદ્ધિ પણ છે. પુરોગામી સર્જકોની શક્તિ સીમા પણ તેમની સામે રહ્યા છે. તેનો તેમણે કેટલોક લાભ પણ લીધો છે. 'દીપનિર્વાણ', 'ઝેર તો પીધા જાણી જાણી ભાગ ૧-૨', 'સોક્રેટિસ', 'કુરુક્ષેત્ર' વગેરે તેમની નવલકથાઓ છે.

નવલકથા ક્ષેત્રે પન્નાલાલ પટેલનું આગમન એક મહત્ત્વનો વળાંક બની રહે છે. જાનપદી નવલકથાનું સૌ પ્રથમ ઉત્તમ કળારૂપ તેમનામાં અને તેમના સર્જનમાં નિખરી આવે છે. 'વળામણાં', 'મળેલા જીવ', 'માનવીની ભવાઈ', 'ભાંગ્યાનાં ભેરુ', 'ઘમ્મર વલોણું ભાગ ૧-૨', 'ના છૂટકે', 'કંકુ', વગેરે નવલકથાઓ ગ્રામ્ય પરિવેશને તાકતી ગુજરાતી ભાષાની

શણગારરૂપ કૃતિઓ છે. પૌરાણિક રચનાઓમાં પન્નાલાલ ઝાઝો કસબ બતાવી શકયા નથી, પણ તેમ છતાં ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે અમર થઈ ગયા છે. એમની નવલકથાની રચનારીતિને લઈને તળપદ પરિવેશ અને બોલીને લઈને તેઓ ગુજરાતી સાહિત્યનાં ચમત્કાર કહેવાય છે. નવલકથાનું રૂપ ઘડવામાં પન્નાલાલનો ફાળો નાનો-સૂનો નથી.

ઈશ્વર પેટલીકર ચરોતર પ્રદેશના એક સમાજ સુધારક કાર્યકર અને ગ્રામજીવનનાં આલેખક નવલકથાકાર છે. સમાજના અનેકવિધ પ્રશ્નો તેમની નવલોમાં આકર્ષક અને સુવાચ્યરૂપ ધારણ કરીને પ્રગટ થાય છે. તેઓ આજુ બાજુ જીવાતા જીવનને આલેખવામાં કુશળ રહ્યા. પોતાની નવલકથાઓમાં તેમણે સામાજિક પ્રશ્નોને જુદી જુદી રીતે આલેખ્યાં. તેનું મુખ્ય કારણ એ છે કે, તેઓ સ્વભાવે સુધારક વૃત્તિના હતાં. તેથી તેમની મોટા ભાગની નવલોમાં ક્યારેક સુધારક પેટલીકર વ્યક્ત થઈ ગયા છે. તેમની આવી નવલકથાઓમાં 'કળિયુગ', 'મારી હૈયાસગડી', 'તરણા ઓથે ડુંગર', 'પ્રેમપંથ', 'ઋણાનુબંધ', 'લાક્ષાગૃહ', 'સેતુબંધ', વગેરે નવલકથાઓ વિવિધ સામાજિક પ્રશ્નો ચર્ચતી નવલકથાઓ છે. આ બધી નવલકથાઓમાં સાહિત્યિક દૃષ્ટિએ સર્વોત્તમ ગણાયેલી તેમની નવલકથા 'જનમટીપ' છે. એણે પેટલીકરને ગુજરાતી સાહિત્યમાં મહત્ત્વનું સ્થાન અપાવ્યું છે. તેમની પાસેથી મળતી અન્ય નવલકથાઓ 'કલ્પવૃક્ષ', 'પાદરના તીરથ', 'કાજળકોટડી', 'આશાપંખી', 'કંકુ અને કન્યા', 'પટલાઈના પેચ', વગેરે એમની કૃતિઓ છે. તેમાં પાટીદાર અને બારૈયા-પાટણવાડિયા સમાજનાં જીવન અને રીત-રિવાજનું નિરૂપણ કર્યું છે. પેટલીકરની સાથે જ પીતાબંર પટેલ ઉત્તર ગુજરાતનાં લોકજીવનને નિરૂપતી અને અત્યારના કેટલાક મહત્ત્વનાં લગ્નજીવનનાં પ્રસંગોને નિરૂપતી નવલકથાઓના લેખક છે. 'રસિયો જીવ', 'ખેતરને ખોળે', 'શ્રદ્ધાદિપ' જેવી નવલોમાં એમની હથોટી જોઈ શકાય છે. એમની નવલકથાઓમાં શહેરી અને ગ્રામ્ય બેઉ સમાજનું મિશ્રણ જોવા મળે છે. તેમની 'ખેતરને ખોળે' નવલ ઉત્તમ છે. ગુજરાતી સાહિત્યનાં વિકાસમાં પીતાંબર પટેલની નવલકથાઓ ઉત્તર-ગુજરાતનાં સમાજ લઈને આવી એ નાનો પણ મહત્ત્વનો ફાળો છે.

ચૂનીલાલ મડિયા મુખ્યત્વે નવલિકાકાર છે છતાં નવલકથા ક્ષેત્રે આલા ધાધલનું ગોઝાવદર (વેળા વેળાની છાંયડી) પણ એમનું યોગદાન વિશિષ્ટ છે. 'વ્યાજનો વારસ', 'પાવક જવાળા', 'લીલુંડી ધરતી', 'ઈંધણ ઓછા પડ્યાં' જેવી એમની રચનાઓમાં લોકજીવનનું અને

માનવમનનાં અટપટા ભાવોનું સુંદર ચિત્રણ જોવા મળે છે. આ બધી નવલકથાઓમાં સૌરાષ્ટ્રનું લોકજીવન ચિતરાયેલું જોવા મળે છે. 'ઈન્દ્રધનુષનો આઠમો રંગ' એમની મનોવિશ્લેષણાત્મક નવલકથા છે. 'ગ્રહાષ્ટક વત્તા' એક તેમની હાસ્યનવલ છે. 'સઘરા જેસંગનો સાળો' ને મળવી જોઈતી ખ્યાતિ મળી શકી નથી. આજ ગાળામાં પુષ્કર ચંદરવાકર નળકાંઠાની અને વાયવ્ય ગુજરાતનાં પ્રદેશોનાં લોકોનું જીવન વ્યક્ત કરે છે. એમની નવલકથાઓમાં 'રાંકના રતન', 'બાવડાને બળે', 'ભવની કમાણી', જેવી એમની કૃતિઓમાં ગ્રામિણતાનાં રંગો, તાદૃર્શવર્ણનો, લોકભાષાની છાંટવાળા સંવાદો એમની ખાસિયતો છે. દર્શક અને મડિયાની સાથે યશોધર મહેતાએ 'સરી જતી રેતી' અને 'નેવુ વર્ષના લેખક', યશોધર મહેતાની અન્ય નવલોમાં 'મહારાત્રિ', 'વહી જતી જેલમ' જેવી નવલકથાઓ દ્વારા સનસનાટી મચાવી છે. તો 'ધીચુ અને વિભા', 'પાદરનાં તીરથ' જેવી રચનાઓ આપનાર જયંતિ દલાલ તથા 'પ્રેમભક્ત કવિ જયદેવ'ના લેખક જય ભિખ્ખુએ પણ ગુજરાતી સાહિત્યને કંઈક આપવાની કોશિશ કરી છે. આ પછી પોતાના વૈવિધ્યયુક્ત વિશેષ સર્જનથી શિવકુમાર જોશીએ સૌનું ધ્યાન ખેંચ્યું. એમની 'કલહંસી', નવલકથામાં બંગાળની ભૂમિનો સુંદર પરિચય મૂકાયો છે. આ ઉપરાંત ચં.ચી. મહેતા (ખમ્મા બાપુ) ઉમાશંકર જોશી (પારકા જણ્યાં), ઈન્દ્ર દસાવડા(ગંગાના નીર) નિરૂ દેસાઈ, ધીરજલાલ શાહ, પ્રેમશંકર ભટ્ટ, નંદકુમાર પાઠક, પ્રબોધ મહેતા, રમણ વકીલ, ઉછરંગરાય ઓઝા, જયમલ પરમાર, ચંદુલાલ દલાલ, ગુજરાતી સાહિત્યને સમૃધ્ધ કરવાની શેરમાં આ સર્જકો ઉપરાંત એ સમય માટેનાં નવા ચહેરાઓએ પણ પોતાનું યોગદાન આપ્યું છે. રા.ના. પાઠકની 'સોહાગ', વિનોદી નીલકંઠની 'કદલીવન', સ્નેહરશ્મિની 'અંતરપટ', ભૂપત વડોદરિયાની 'અધૂરા તપ',દોલત ભટ્ટની 'વસમી વેળા', ચંદુ સેલારકાની 'ભીતર સાત સમંદર' વગેરે ઉલ્લેખ પાત્ર નવલકથાઓ છે.

આ બધાની વચ્ચે ઘટનાના બેતાજ બાદશાહ (જે આધુનિકકાળ પછી કહેવાય ) એવા નીડર લેખક શ્રી ચન્દ્રકાન્ત બક્ષી 'આકાર' નવલકથા આપીને સૌ ભાવકો-વિવેચકો-સર્જકોનું ધ્યાન ખેંચે છે. 'ઝિંદાની' નવલકથાથી તેમણે ગુજરાતી નવલને નવો વળાંક આપ્યો એમ કહી શકાય. આવા બદલાતા ઠરીઠામ થવા મથતાં ગુજરાતી નવલકથાકાળને વળી કેટલાક સર્જકો આંચકા સાથે નવા ઢોળાવ પર લાવી મૂકે છે. તેઓએ પરિચિત રીતિઓથી ઉફરા થઈ નવું સર્જવાનાં પ્રયત્નો કર્યા છે. જેમાં દિગિશ મહેતા કૃત, 'આપણો ઘડીક સંગ' તરત ધ્યાનમાં

આવે. પ્રિયકાન્ત પરીખ કૃત 'દરિયા ડૂબ્યા સાત' દિલીપ રાણકપુરા કૃત 'કૂંપળ ફૂંટયાની વાત', 'આંસુભીનો ઉજાસ' પિનાકિન દવે કૃત 'આ તીરે પેલે તીરે', મોહમ્મદ માંકડ કૃત 'ધુમ્મસ', હસુ યાજ્ઞિક કૃત 'અગ્નિકુંડ', વગેરે સંખ્યાબંધ નવલકથાકારોએ આ ક્ષેત્રે નોંધપાત્ર પ્રદાન કર્યું છે. ન્હાનાલાલ જેવા સર્જકોએ પણ અને જયોતિન્દ્ર દવે જેવા હાસ્ય સમ્રાટે પણ 'અમે બધાં' મનસુખલાલ મહેતા સાથે આપી છે. અહીં આપણને ગુજરાતી સાહિત્ય પડખું બદલતું નજરે પડતું હોય એમ દેખાય છે. કેમ કે આ ગાળામાં સ્ત્રી લેખિકાઓએ પણ પોતાનો હાથ નવલકથા પર અજમાવવો શરૂ કર્યો હતો અને એમાં ધીરૂબહેન પટેલ અગ્રેસર છે. નારી સંવેદના લઈને આવતી એમની નવલોમાં 'આંધળી ગલી' ધ્યાનપાત્ર નવલકથા છે.

નવલકથાનું એકધારાપણું કંઈક છઠ્ઠા દાયકામાં તૂટતું જણાય છે. બદલાયેલી વૈશ્વિક પરિસ્થિતિ સર્જક ચેતના પર અસર કરે છે. આવા કાળમાં નવી નવલકથા વિશેનું એક વિધાન જોઈએ. "આધુનિક યુગમાં નવી નવલકથાનું અવતરણ થયું તે એ કથન પ્રધાન (નેરેટીવ) સાહિત્યકારની પ્રગતિ અને પીછેહઠ બન્નેનું ધોતક બન્યું છે. રચના વિધાનની દૃષ્ટિએ તેની પ્રગતિ દેખાય છે. તો પ્રચાર અને લોકપ્રિયતાની બાબતમાં તેની પીછેહઠ થયેલી માલૂમ પડે છે."[૨૧] અહીં એ પણ ખ્યાલ આવે છે કે, નવલકથાએ ભાવકોને ખૂબ કસરત કરાવવાની અલબત્ત માનસિક જાણે હઠ પકડી હોય એમ લાગ્યા કરે. એક સમયગાળે નવલકથા સામાન્યમાં સામાન્ય માણસને ઓછામાં ઓછી બૌદ્ધિક કસરતે ગળે ઉતરી જતી. લોકો હોંશે હોંશે વાંચતા હતાં, પણ નવી નવલકથાને વાચક એવોઈડ કરતો આવ્યો છે, એ તો જોઈ શકાય છે.

આપણને ખ્યાલ છે કે, સુરેશ જોષીએ 'મનીષા'નાં એપ્રિલ ૧૯૫૫ના અંકમાં નવલકથાનો નાભિશ્વાસ લેખ લખ્યો ત્યારથી તેના રચનાવિધાન પરત્વે ગુજરાતમાં ઉહાપોહ શરૂ થયેલો. રૂઢ વર્ણનોને પરંપરાગત સમાજદર્શનમાં બંધાઈ રહેલી ગુજરાતી નવલકથાની તેમણે કડક આલોચના કરીને નવલકથાનાં વિવેચનમાં નવા માપદંડો ઉભા કર્યા હતાં. તેનો પ્રથમ નમૂનો પણ તેમણે 'છિન્નપત્ર' લખીને આપ્યો, 'મરણોત્તર' જેવી સર્જનાત્મક રૂપ ધરાવતી કૃતિઓ આપીને તેમણે તે પ્રકારનાં નમૂનાનાં રસ્તા બનાવ્યાં. હવેની નવલકથાઓ લઘુકથા તરફ વળે છે. લઘુનવલનો મહિમા એ રીતે પુષ્ટ થતો જાય છે. ઘટના હવે આછાપાતળા તંતુરૂપે આવે છે. નવતર લેખકોનું એક જૂથ આ નવા માર્ગે સંચરણ કરે છે. શ્રીકાન્ત શાહ 'અસ્તિ ચિત્રો' લઘુનવલ દ્વારા જગતની ભાષા ઉકેલે છે. 'ચહેરા'માં મધુરાય અસંગતિનું વિશ્વ ઉભુ કરે છે.

રઘુવીર ચૌધરી 'અમૃતા' દ્વારા માફકસરની પ્રયોગશીલતાએ સૌનુ ધ્યાન ખેંચ્યું છે. રાવજી પટેલ, મુકુંદ પરીખ, રાધેશ્યામ શર્મા, સરોજ પાઠક, કિશોર જાદવ, જ્યોતિષ જાની, વીનેશ અંતાણી, ધીરેન્દ્ર મહેતા,ભગવતીકુમાર શર્મા, પિનાકિન દવે, જયંત ગાડીત, ચિનુ મોદી, લાભશંકર ઠાકર, હરીન્દ્ર દવે, મફત ઓઝા વગેરે સર્જકોનાં આ દિશામાં નોંધપાત્ર પ્રયત્નો રહ્યાં છે. ૧૯૫૫ છે જે નવલકથા પરંપરા પ્રાપ્ત થાય છે. તેમાં આપણને નીચેના પ્રકારની ધારાઓ જોવા મળે છે.

(૧) આધુનિક નવલકથાધારા

(૨) લોકપ્રિય નવલકથાધારા

(૩) સર્જકની નારીવાદી નવલકથાધારા

(૪) દલિત નવલકથાધારા

(૫) આદિવાસી નવલકથાધારા

(૬) પરંપરાગત નવલકથાધારા

છેલ્લા બે દાયકામાં ગુજરાતીમાં ઘણી નવલકથાઓ પ્રગટ થઈ છે. ટૅકનિક અને કથનરીતિમાં મૂળગત ફેરફાર કર્યા હોવા છતાં અનુઆધુનિક તબક્કામાં આગલા તબક્કાની પ્રયોગશીલ નવલોથી ચડીયાતી એવી વિશિષ્ટ ગુણવત્તા ધરાવતી નવલકથાઓ ઉપલબ્ધ થઈ શકી નથી. અહીંયા એક સેર સ્ત્રી લેખિકાઓની પણ આવીને મળે છે જે ગુજરાતી નવલકથાને નવી પરિપાટી આપે છે. 'વાંસનો અંકુર' -ધીરુબેન પટેલ, 'ગાંઠ છૂટ્યાની વેળા' - વર્ષા અડાલજા, 'પરપોટાની આંખ' - ઈલા આરબ મહેતા, 'સાત પગલા આકાશમાં' - કુન્દનિકા કાપડિયા, 'નાઈટમેર' - સરોજ પાઠક, આ ઉપરાંત વસુબેન ભટ્ટ, સવિતા રાણપુરા, માલતી દેસાઈ, ભારતી દલાલ, ઉષા શેઠ, સરલા શેઠ, લિપિ કોઠારી, નૈના ગાંધી, સ્મિતા ભાગવત્ ભારતી વૈધ, તરૂલતા મહેતા વગેરેનો સમાવેશ થાય છે.

તો દલિત નવલકથાઓએ પણ પોતાનું યોગદાન આ પ્રવાહ-પ્રકારમાં આપ્યું છે. 'આંગળિયાત' -જોસેફ મેકવાન, 'ભળભાંખળું' -દલપત ચૌહાણ, 'પત્ની' - બી. કેશવશિવમ્, 'નેળિયુ' - મોહન પરમાર, 'વંટોળ' -રાઘવજી માધડ, 'ચોકી' - હરિશ મંગલમ્, આ સાથે

જ 'કૂવો' -અશોકપુરી ગોસ્વામી, 'વગડો'ના ઉશનસ્, 'મંડોળ' સુરસંગ વહોનીયાની, 'અંધારુ' - મણીલાલ. હ. પટેલ, 'તત્વમસી' - ધ્રુવ ભટ્ટ વગેરે જેવી નવલકથાઓ પછી પોતાનું યોગદાન આપ્યું છે. ગુજરાતી નવલકથાની સમગ્ર વિકાસ યાત્રા  સંદર્ભે રઘુવીર ચૌધરીનું એક વિધાન નોંધવા જેવું છે.

"ગુજરાતી નવલકથાઓ ઈતિહાસ ગોવર્ધનરામ પછી વિકાસક્રમ સૂચવવાને બદલે પરિવર્તનના તબક્કા સૂચવે છે, એ આ પ્રમાણે છે. (૧) મુનશી (૨) ર.વ. દેસાઈ, મેઘાણી (૩) પન્નાલાલ-દર્શક- દલાલ (૪) નવીનો ત્રીજા તબક્કાથી વસ્તુ સંકલનાની સભાનતા વધે છે. બક્ષી આદિમાં મૂલ્યહ્રાસનો અનુભવ મુખ્ય બને છે, સાથોસાથ ટૅકનિકની શોધાશોધ પણ."[૨૨]

આમ, પશ્ચિમમાંથી ઉતરી આવેલ આ અલગારી સાહિત્ય સ્વરૂપ આપણા સાહિત્યમાં પોષાય છે, અનેક પ્રયોગો દ્વારા તે નવા સ્વરૂપો ધારણ કરે છે. આ ઉપરાંત અન્ય સાહિત્ય સ્વરૂપોની તુલનાએ પ્રમાણમાં વધુ લોકાયોગ્ય બની રહે છે.

*****

## પાદટીપ :

(૧) સંપા : નાયક રતીલાલ સા.નાયક - 'મોટોકોશ' પૃષ્ઠ - ૩૧૫

(૨) ક્ષિતિજ : નવલકથા વિશેષાંક ફેબ્રુઆરી-૧૯૬૩- પૃષ્ઠ - ૪૮૯

(૩) પંડયા અરવિંદ : નવલકથા-કથા સ્વરૂપ કે કલા સ્વરૂપ વાર્ષિક અંક ઝાંખી, પૃષ્ઠ ૩૦

(૪) સાર્થ જોડાણી કોશ, ગુજરાત વિદ્યાપીઠ, પૃષ્ઠ - ૩૫૨

(૫) ઓકસફોર્ડ ડિક્ષનરી, પૃષ્ઠ - ૨૫૧

(૬) સંપા. પટેલ મણિલાલ હ, વિવેચનના સિધ્ધાંતો, પૃષ્ઠ - ૭૧

(૭) ગુજરાતી સાહિત્ય પરિષદ, ગુ.સા. કોશ-૩, પૃષ્ઠ - ૩૦૧

(૮) હેન્રી જેઈમ્સ, 'ધ આર્ટ ઓફ ફિકશન', પૃષ્ઠ - ૪૦૨

(૯) ગુજરાતી નવલકથા, પોપ્યુલર પ્રકાશન, પૃષ્ઠ - ૫૭

(૧૦) એજન, પૃષ્ઠ - ૫૭

(૧૧) એજન, પૃષ્ઠ - ૫૭

(૧૨) એજન, પૃષ્ઠ - ૫૭

(૧૩) એજન, પૃષ્ઠ - ૫૭

(૧૪) સંપા. અનંતરાય રાવળ, 'સાહિત્ય ચર્ચા', પૃષ્ઠ - ૭૧

(૧૫) વેદ નરેશ, 'નવલકથા વિમર્શ', પૃષ્ઠ - ૫૨

(૧૬) વેદ નરેશ, 'કથાયોગ', પૃષ્ઠ - ૩૨-૩૩

(૧૭) ઠાકર ધીરૂભાઇ, અ.ગુ.સા. ઈતિહાસ, પૃષ્ઠ - ૩૭૫

(૧૮) દરજી પ્રવીણ, નવલકથા સ્વરૂપ, પૃષ્ઠ - ૭૩

(૧૯) સાહિત્ય સ્પરૂપો, સન્નિધાન અંક, 'સ્વરૂપ સન્નિધાન', પૃષ્ઠ - ૪૧

(૨૦) વેદ નરેશ, 'નવલકથા વિમર્શ', પૃષ્ઠ - ૩૩

(૨૧) ડૉ. ઠાકર ધીરૂભાઇ, અ.ગુ.સા.ની વિકાસરેખા-૫, ૧૯૯૫. ગુર્જર-ગ્રંથરત્ન કાર્યાલય, પૃષ્ઠ - ૧૩૫

(૨૨) ચૌધરી રઘુવીર રાધેશ્યામ શર્મા, 'ગુજરાતી નવલકથા', પૃષ્ઠ - ૫૦